**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૯/૭/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૬૯૭ લીટર દેશી દારૂ, ૩૧૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૦૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૪/૧૫</u>**

**રામોલઃ** બ્રિજેશકુમાર રમેશભાઈ પરમાર (ઉ.વ.૩૨) (રહે.ઈશ્વરકૃપા સોસાયટી નુતન સ્કૂલ સામે હાટકેશ્વર અમરાઈવાડી) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બ્રિજેશકુમારની બહેન પુષ્પલતાબહેને તેના પતિ નિલેશભાઈ રજનીકાંતભાઈ ક્રિચ્યન (ઉ.વ.૩૬) (રહે. પ્રદ્યુમન સોસાયટી સીટીએમ રામોલ) ના માનસીક તેમજ શારીરીક ત્રાસના કારણે તા.૭/૭/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સાસરીમાં પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ પી વસુનીયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૫/૧૫</u>**

**કૃષ્ણનગરઃ** પ્રેમીલાબહેન રાકેશભાઈ જાટ (રહે.માનસીપાર્ક પાર્શ્વનાથ રોડ કેનાલ પાસે કૃષ્ણનગર) તા.૮/૭/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા રોડ સેન્ટલ બેન્ક ઓફ ઈન્ડીયાથી શટલ ઓટોરિક્ષામાં બેસી કૃષ્ણનગર કેનાલ પાસે પાર્શ્વનાથ રોડ માનસીપાર્ક આવ્યા હતા દરમ્યાનમાં અજાણી વ્યક્તિએ પ્રેમીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પ્રેમીલાબહેને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૬/૧૫**

**ચાંદખેડાઃ** મંજુસાબહેન સુધીર શ્રીવાસ્તવ (ઉ.વ.૫૪) (રહે.શરલ-૩૦ મોટેરા ચાંદખેડા) તા.૮/૭/૧૫ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે શરલ બિલ્ડીંગમાં લીફ્ટની રાહ જોતા હતા ત્યારે અજાણ્યો પુરૂષ મંજુસાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મંજુસાબહેને ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૩૮૭/૧૫**

**વસ્ત્રાપુર :** દિલીપ દામોદરભાઇ ઠક્કર (રહે, ઇશાન-૧ એપાર્ટમેન્ટ, સીમા હોલ પાસે, જોધપુર ગામ સેટેલાઇટ) એ તા.૨/૭/૧૫ સાંજના ૫/૦૦ વાગે અતિથી ડાઇનીંગ હોલની ગલીમાં સાસવત ફ્લેટની દિવાલ નજીક પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે.૦૧.એચજે ૮૭૧૦ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દિલીપભાઈ ઠક્કરે તા.૮/૭/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટસિહ કાનાજી ચલાવે છે.

**ટ્રેનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૮/૧૫**

**મેઘાણીનગરઃ** રામમનોરથ કાનુરામ તિવારી (ઉ.વ.૫૫) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ અમરજ્યોત સ્કૂલ પાસે મેઘાણીનગર) તા.૮/૭/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રામેશ્વર મેમ્કોબ્રીજ, રેલવે પાટા ક્રોસ કરતી વખતે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે પી તરેટીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૯/૧૫**

**એલીસબ્રીજઃ** ખનીબહેન અંબાલાલ બેંકર (ઉ.વ.૮૫)(રહે.નાનોવાસ હનુમાનચોક કોચરબ) એ કોઈ કારણસર તા.૬/૭/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર જાતેજ કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૮/૭/૧૫ કલાક ૭/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એન પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)